Permitted to post at Ahd. P.S.O. on Wednesday every week Under Regd No GAMC-1473/2014-2016 issued by SSP, Ahd. Valid upto 31st December-2016

કેન્સર ● કીડની ● કીમોથેરાપી ● ટ્રાન્સપ્લાન્ટ
એચઆઈવી ● ન્યુરો ● લીવર ● ગેસ્ટ્રો ● ગાયનેક-ઈન્ફર્ટિલિટી ●
ઈમરજન્સી ● લાઈફ સેવિંગ ● આઈસીયુ ● રૂમેટોજલોજી ● ઓર્થો ●
બ્લડ પ્રોડક્ટની દવાઓ તથા ઈન્જેકશન
Wholesale | Retail | Export | Import
(Call & Whatsapp) 9978 661661
www.svhmedint.com
Wholesale Price
100 % Genuine Medicine
We Deal
ONCOLOGY ● CHEMOTHERAPHY
NEPHROLOGY ● TRANSPLANT
VIROLOGY ● HIV ● NEUROLOGY
EMERGENCY ● ICU ● LIFE SAVING
INFERTILITY ● GYNECOLOGY
BLOOD PRODUCTS ● ORTHO
RHEUMATOLOGY ● VACCINES
2°c to 8°c Cold Chain Maintenance
Costly Medicines & Injectables at LOW COST
Fast Delivery
Pan India Delivery
SVH MEDINT
HEALTHCARE MADE EASY
An ISO 9001 : 2015 Certified Company

દર બુધવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું એક માત્ર નીડર સાપ્તાહિક

॥ શ્રી ગણેશાય નમઃ ॥

# મિર્ચી ન્યૂઝ

MIRCHI NEWS
Visit us www.mirchinews.co.in

ભગવતી કોલ ડીપો
જલાઉ કોલસા તથા અર્થીંગ માટે ભૂકી-મીઠુ મળશે
શાકમાર્કેટ કોર્નર, નવા વાડજ, અમદાવાદ-૧૩
ઓગણજ સર્કલ, એસ.પી.રીંગ રોડ, અમદાવાદ
Mo : 98257 52787, 98799 55779

વર્ષ : ૨૨ ● અંક : ૨૦ ● સળંગ અંક : ૧૧૦૮ ● પ્રકાશિત તા-૨૭-૩-૨૦૨૬,શુક્રવાર ● RNI : GUJGUJ/2004/16263 ● GAMC NO. :1473/2014-16 ● કિંમત ૧/-રૂા. ● કુલ પાના : ૪
તંત્રી : ભાર્ગવ સુંદરમ (મો) : 9924004714 ● કાર્યાલય : ડી-૯/૧૦૦, નંદનવન એપાર્ટમેન્ટ, ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩. ● વાર્ષિક લવાજમ રૂા.૧૦૦/-

## ભારત પાસે ૬૦ દિવસનો પેટ્રોલ-ડીઝલનો સ્ટોક, ગભરાશો નહીં

નવી દિલ્હી : પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે આજે સ્પષ્ટ કર્યું છે કે દેશમાં પેટ્રોલ, ડીઝલ અને LPGની સપ્લાય સંપૂર્ણપણે સુરક્ષિત છે. દેશના તમામ રિટેલ ફ્યુઅલ આઉટલેટ્સ પર પૂરતો સ્ટોક ઉપલબ્ધ છે અને ક્યાંય પણ અછત નથી. મંત્રાલયે નાગરિકોને અપીલ કરી છે કે તેઓ સોશિયલ મીડિયા પર વાયરલ થતાં ફેક વીડિયો અને અફવાઓ પર ધ્યાન ન આપે. મંત્રાલયે આને "સંકલિત અને ઈરાદાપૂર્વકની મિસઈન્ફોર્મેશન કેમ્પેઈન" ગણાવ્યું છે, જે લોકોને ભડકાવવા માટે ચલાવવામાં આવી રહ્યું છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે જણાવ્યું કે, ભારત વિશ્વનો ચોથો સૌથી મોટો રિફાઈનર અને પાચમો સૌથી મોટો પેટ્રોલિયમ પ્રોડક્ટ્સનો નિકાસકાર છે. ૧૫૦થી વધુ દેશોને ભારત રિફાઈન્ડ ફ્યુઅલ પુરું પાડે છે. દેશમાં ૧ લાખથી વધુ પેટ્રોલ પંપ સતત કાર્યરત છે અને કોઈ પણ પંપને સપ્લાય રેશન (નિયંત્રિત વિતરણ) કરવાનું કહેવામાં આવ્યું નથી. આગામી ૬૦ દિવસ માટે ક્રૂડ ઓઈલની સપ્લાય પહેલેથી જ સુરક્ષિત કરી લેવામાં આવી છે. મંત્રાલયે સ્પષ્ટ કર્યું છે કે, દેશમાં કુલ ૭૪ દિવસની રિઝર્વ ક્ષમતા છે અને હાલમાં આસપાસ ૬૦ દિવસનો વાસ્તવિક સ્ટોક (ક્રુડ, પ્રોડક્ટ્સ અને સ્ટ્રેટેજિક કેવર્ન સહિત) ઉપલબ્ધ છે. આ મધ્ય પૂર્વ સંકટના ૨૭મા દિવસે પણ દેશ પાસે લગભગ બે મહિનાનો સ્ટોક છે. આગામી બે મહિનાની ક્રૂડ ખરીદી પણ પહેલેથી સુરક્ષિત છે. એલપીજીની કોઈ અછત નથી. એલપીજી કંટ્રોલ ઓર્ડર પછી રિફાઈનરીઓમાં ઉત્પાદન ૪૦% વધારીને રોજિંદા ૫૦ હજાર મેટ્રિક ટન કરવામાં આવ્યું છે જે કુલ જરૂરિયાતના ૬૦%થી વધુ છે.

સુરતી ધુપ પુજાપા ભંડાર
લગ્નનો પુજાપો, છાબ, પીઠી, માણેકસ્તંભ, મોડીયા, લક્ષ્મીપૂજન પુજાપો, તોરણ, સાથીયા, સ્ટીકર
સ્પેશીયલ N.R.I કલેકશન
દિવાળી સ્પેશીયલ સુગંધીદાર અગરબત્તી, ધુપ મળશે
દરેક ભગવાનની મૂર્તિના નેત્ર લગાવી આપવામાં આવશે
દરેક ભગવાનની મૂર્તિને પેઈન્ટીંગ કરી આપવામાં આવશે
● મુગટ ● ગાદી સેટ ● પારણાં ● સિંહાસન ● મોરલી ● કુંડળ
માતાજીનો શણગાર ● ફેન્સી ચુંદડી ● પવિત્રા ● લેટેસ્ટ હાર ● સ્પે. અત્તર
● સુગંધીદાર અગરબત્તી ● ધુપ-યંત્ર તથા દરેક વીધીના પુજાપા મળશે
દરેક જાતના પુજાપા-યંત્ર-ધાર્મિક પુસ્તકો મળશે
લક્ષ્મી વિજય હોટલની બાજુમાં, ડો. કિરીટભાઈ પટેલની સામે, સ્વેની કોમ્પલેક્ષની બાજુમાં, નવા વાડજ, અમદાવાદ
M: 9978274760

નવા વાડજમાં ભવ્ય શુભારંભ
ચશ્મા કે ગોગલ્સનો આધુનિક શો-રૂમ
Janam OPTICS
Chashme ka adda
શુભારંભ નિમિત્તે ખાસ ઓફર
Rs 1199/- માં બે ફ્રેમ બ્લુ કટ ગ્લાસ સાથે...
20 થી 50 % બ્રાન્ડેડ ચશ્મા સાથે ડિસ્કાઉન્ટ


શોપ-૧, આદિત્ય આઈકોન, ત્રીશા હોસ્પીટલની ગલીમાં, મિર્ચી મેદાન, નવા વાડજ, અમદાવાદ-૧૩.
શિવ મહેતા M : 91046 96975

Dr. RAVI'S Diabetes & Endocrinology Centre
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Ravi Shah
MD (Medicine),DM (Endocrinology), MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist

DR.RAVI SHAH
MD (Medicine),DM (Endocrinology), MRCP UK SCE (Endocrinology)
Consultant Endocrinologist
Morning: 8:30 AM to 9:30 AM
Evening: 4:00 AM to 8:00 PM
SUPER SPECIALIST DOCTOR FOR DIABETES, THYROID, AND OBESITY
❖ Type 1 & Type 2 Diabetes In People Of All Ages
❖ Diabetes Complications Management
❖ Type 1 Diabetes, Insulin Pump & Continuous Glucose Monitoring
❖ All Types Of Thyroid Disorders
❖ Diabetes And Thyroid Problems In Children And During Pregnancy
❖ Pcos ( Polycystic Syndrome)
❖ Short Height And Pubertal Disorders In Children
Dr. SHIKHA'S Skin Clinic
SKIN • HAIR • LASERS • AESTHETICS
UNIT OF JIGISHA HOSPITAL
Dr. Shikha Shah
MD (Gold Medalist), DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist

DR.SHIKHA SHAH
MD (Gold Medalist)
DNB (Gold Medalist)
MRCP UK SCE (Dermatology)
Consultant Dermatologist
OPD Timing: Evening 5 PM to 8 PM
Specialist in Skin and Hair Problems
☑ Skin diseases like eczema, vitiligo psoriasis, fungal infections
☑ Pimples and Acne Treatment
☑ Pigmentation / Dark Spots
☑ Laser Hair Removal
☑ Anti-aging, Peels, Botox, Fillers
☑ Hair Fall Solutions Derma Roller, PRP, GFC Treatments
☑ Pediatric skin diseases
For Appointment : 97370 54800
Shivalik Square, 301-C, Nr. Adani CNG Station, Ramapir Thekra, Nava Vadaj, Ahmedabad, Gujarat 380013

Digital India Power To Empower
ડીજીટલ સેવા એક જ સ્થળે...
શ્રી ચામુંડા ઈ-સુવિધા કેન્દ્ર
CSC e-Governance Services India Limited
ડ્રાઈવીંગ લાયસન્સ
ઝેરોક્ષ-કલર ઝેરોક્ષ
સ્માર્ટ કાર્ડ | GST રજીસ્ટ્રેશન | આધાર કાર્ડ | પાન કાર્ડ
જીવન પ્રમાણપત્ર | ટુ વ્હીલર ઈન્શ્યુરન્સ | ઉદ્યોગ આધાર રજીસ્ટ્રેશન | પાસપોર્ટ
લેમીનેશન | ફોર વ્હીલર ઈન્શ્યુરન્સ | રેલ્વે/બસ/એર ટીકીટ બુકિંગ | ચુંટણીકાર્ડ
ઈ પ્રિન્ટ | લાઈફ ઈન્શ્યુરન્સ | આયુષ્માન કાર્ડ | બેન્કીગ સર્વિસ
ચામુંડા શોપીંગ સેન્ટર, દેવપથ ફ્લેટની સામે, નવા વાડજ, અમદાવાદ.
email : esuvidhakendra17@gmail.com
M : 79903 53430

NIRMAN REALTY

Looking to Redevelop Your Building?
Trust the Experts at Nirman Realty!
Transparent deal
Expert team
10+ years experience in redevelopment
Associated with well-known & experienced developers
Good knowledge about legality & land revenue
Other service :
Land
Jv Project
Property
nirmanrealty
Nirman Realty
https://nirmanrealty.in
MEMBERS OF
ARA NAR Registered in : RERA
For any query & inquiry
+91 9601772777

જાહેરાત માટે સંપર્ક કરો, મો : ૯૯૨૪૦૦૪૭૧૪

### સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનો મુખ્ય મુદ્દો યુસીસી રહેશે

# એપ્રિલ મહિનામાં ચૂંટણી જાહેર થાય તેવી શક્યતાઓ..!

**મુખ્યમંત્રીના નિવાસ સ્થાને મળેલી આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સહિતના સભ્યો હાજર રહ્યા હતાં**

અમદાવાદ : ગુજરાતમાં ૩૧મી માર્ચે વડાપ્રધાન મોદીના પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. એક દિવસના પ્રવાસે આવી રહેલા વડાપ્રધાન ઉત્તર ગુજરાત અને ગાંધીનગરના કાર્યક્રમોમાં હાજરી આપી શકે છે. તેમની ગુજરાત મુલાકાત બાદ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી જાહેર થાય તેવી શક્યતાઓ છે. આ દરમિયાન ગઈ કાલે વિધાનસભામાં યનિફોર્મ સિવિલ કોડ બિલ પસાર કરવામાં આવ્યું હતું. હવે આ બિલને લઈને રાજકારણ શરૂ થયું છે. આ બિલને લઈને ભાજપ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડશે તેવો પ્લાન તૈયાર કરવામાં આવ્યો હોવાનું પણ જાણવા મળ્યું છે. ગુજરાત વિધાનસભામાં યુનિફોર્મ સિવિલ કોડ બિલ પસાર કરવામાં આવ્યા બાદ આજે ભાજપની પ્રદેશ કોર કમિટીની બેઠક મળી હતી. મુખ્યમંત્રીના નિવાસ સ્થાને મળેલી આ બેઠકમાં પ્રદેશ પ્રમુખ, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સહિતના સભ્યો હાજર રહ્યા હતાં. કોર કમિટીની રચના કર્યા બાદ પ્રદેશ ભાજપની આ પ્રથમ બેઠક છે. આ બેઠકમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ મુદ્દે ચર્ચાઓ કરવામાં આવી હતી. આ વખતે ભાજપ યુનિફોર્મ સિવિલ કોડના આધારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી લડશે તેવું રાજકીય સુત્રો તરફથી જાણવા મળ્યું છે. ભાજપે આ બિલને લઈને લોકો સુધી પહોંચવા અને લોકોને બિલ અંગે જાણકારી આપવાનો પણ પ્લાન તૈયાર કર્યો હોવાની વિગતો સામે આવી છે. પેજ કમિટી સ્તરની કામગીરીની પણ સમીક્ષા કરાઈ હતી. શક્તિ કેન્દ્ર સ્તરની કામગીરીની પણ સમીક્ષા કરાઈ હતી. આ ઉપરાંત ઉમેદવારોની પસંદગીના પ્રાથમિક માપદંડ અંગે પણ ચર્ચા કરાઈ હતી. રાજ્યમાં ૩૦મી માર્ચે ફાઈનલ મતદાર યાદી જાહેર કરવામાં આવશે. રાજ્ય ચૂંટણી આયોગે જિલ્લા ચૂંટણી અધિકારીઓને આ અંગે આદેશ પણ આપી દીધા હોવાની જાણકારી પ્રાપ્ત થઈ છે. વડાપ્રધાન મોદી ગુજરાતની મુલાકાત લેશે ત્યાર બાદ એપ્રિલ મહિનામાં ચૂંટણી જાહેર થાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બે તબક્કામાં યોજાશે. મે મહિનાના પ્રથમ સપ્તાહમાં સંભવિત મતદાન થઈ શકે છે. જ્યારે મહિનાના મધ્યકાળ સુધીમાં ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થશે. મહાનગર પાલિકા અને નગર પાલિકાનું પ્રથમ મતદાન થશે. બીજા તબક્કામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતનું મતદાન થશે.

### ભીમજીપુરા પાસેથી પગાર વસૂલી મામલે સુપરવાઈઝરનું ફિલ્મી ઢબે અપહરણ મામલે

# વાડજ પોલીસે બોલાવ્યો સપાટો, ૨ સગીર સહિત ૭ ઝડપાયા



**ભીમજીપુરા ચાર રસ્તા પાસે આવેલ સંજીવની હોસ્પિટલ પાસે બોલાવીને સાત શખ્સોએ ભેગા મળીને એક સફેદ ક્રેટા કારમાં તેનું અપહરણ કર્યું હતું. અપહરણ કર્યા બાદ તેને ચાંદલોડિયા રેલવે સ્ટેશન પાસેની અવાવરું જગ્યાએ લઈ જવામાં આવ્યો હતો. ત્યાં આ શખ્સોએ તેને ગંભીર રીતે માર મારી તેનો મોબાઈલ પણ ઝૂંટવી લીધો હતો અને સરેઆમ દાદાગીરી કરી તેને ધમકીઓ આપી હતી અને તેની પાસે માફી મંગાવી આખી ઘટનાનો વીડિયો બનાવ્યો હતો...**

અમદાવાદ: અમદાવાદના વાડજ વિસ્તારમાં પગારનો વિવાદ અપહરણ અને અત્યાચારમાં ફેરવાયો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં હાઉસ કીપિંગ કંપનીમાં કામ કરતા કર્મચારીઓએ પગાર બાકી રહેતા પોતાના જ ફિલ્ડ સુપરવાઈઝરનું ફિલ્મી અંદાજમાં અપહરણ કર્યું હતું. આરોપીઓએ સુપરવાઈઝરને ગાડીમાં બેસાડી અલગ-અલગ સ્થળોએ લઈ જઈ બેરહેમીથી માર માર્યો હતો.જોકે મામલો પોલીસ સ્ટેશને પહોંચાતા હાલ વાડજ પોલીસે આ મામલે ગુનો નોંધી બે સગીર સહિત સાત આરોપીઓની ધરપકડ કરી છે. પ્રાપ્ત વિગતો મુજબ, અમદાવાદના નવરંગપુરામાં આવેલી હાઉસ કીપિંગ કંપનીમાં ફિલ્ડ ઓફિસર તરીકે રાજ બારોટ કામ કરતો હતો.જ્યાં પિન્ટુ મકવાણા, હર્ષ અને નયન સહિતના લોકો તેની સાથે કામ કરે છે એટલે કે આ તમામ લોકોને પગાર આપવાનું કામ ફિલ્ડ ઓફિસર રાજ બારોટની જવાબદારીમાં આવે છે. જોકે છેલ્લા બે મહિનાનો પગાર ન મળ્યો હોવાના આરોપો લગાવી પિન્ટુ મકવાણા, હર્ષ અને નયન સહિત ૭ કર્મચારીઓએ તેનું અપહરણની ઘટનાને અંજામ આપ્યો છે.

ઘટનાને દિવસે તારીખ ૨૪ માર્ચ ૨૦૨૬ અને સાંજનો સમયે ભોગ બનનાર રાજ બારોટ ઓફિસેથી છૂટીને ઘરે જઈ રહ્યો હતો. દરમિયાન ભીમજીપુરા ચાર રસ્તા પાસે આવેલ સંજીવની હોસ્પિટલ પાસે બોલાવીને પિન્ટુ મકવાણા, હર્ષ અને નયન સહિતના સાત શખ્સોએ ભેગા મળીને એક સફેદ ક્રેટા કારમાં તેનું અપહરણ કર્યું હતું. અપહરણ કર્યા બાદ તેને ચાંદલોડિયા રેલવે સ્ટેશન પાસેની અવાવરું જગ્યાએ લઈ જવામાં આવ્યો હતો. ત્યાં આ શખ્સોએ તેને ગંભીર રીતે માર મારી તેનો મોબાઈલ પણ ઝૂંટવી લીધો હતો અને સરેઆમ દાદાગીરી કરી તેને ધમકીઓ આપી હતી અને તેની પાસે માફી મંગાવી આખી ઘટનાનો વીડિયો બનાવ્યો હતો.

બાદમાં આ મામલો પોલીસ સ્ટેશને પહોંચતા વાડજ પોલીસે વિવિધ ટીમો બનાવી પિન્ટુ મકવાણા, હર્ષ અને નયન સહિતના સાત શખ્સોને પકડવા તમામ દિશામાં ચક્રોગતિમાન કર્યા હતા ત્યારે પોલીસે હાલ તમામ ૭ આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને તેમની પૂછપરછમાં તેઓનો પગાર બાકી હોવાને કારણે આ કૃત્યને અંજામ આપ્યું હોવાની કબૂલાત કરી છે. વાડજ પોલીસે આરોપીઓને ઘટના સ્થળે લઈ જઈ આખી ઘટનાનું રિકન્સ્ટ્રકશન કરાવ્યું હતું.

પોલીસ પકડમાં આવેલા આ આરોપીઓનો દાવો હતો કે, છેલ્લા બે મહિનાથી તેમનો પગાર બાકી હતો. વારંવારની રજૂઆત છતાં પરિણામ શૂન્ય આવતા તેઓએ આ ખૌફનાક પ્લાન ઘડ્યો હતો. તેઓની ભોગ બનનાર રાજ બારોટ સાથે પહેલા ફોન પર ગાળાગાળી થઈ હતી અને બાદમાં તેઓએ સાથે મળીને કારમાં અપહરણ કરી આખી ઘટનાને અંજામ આપ્યો હતો.

આરોપીઓની કબૂલાત બાદ વાડજ પોલીસે હાલ આ મામલે સપાટો બોલાવ્યો છે. પોલીસે પિન્ટુ મકવાણા, હર્ષ અને નયન સહિત તમામ સાત શખ્સો સામે અપહરણ અને રાયટિંગ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શું આપ આપના બાળકને
ગુજરાતી માધ્યમમાં ભણાવવાની સાથે
અંગ્રેજી માધ્યમની સમકક્ષ અભ્યાસ કરાવવા માંગો છો...?
શાળાની મુલાકાત લેશો જી....
અક્ષર
પ્રાથમિક શાળા
શ્રીનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ, નવા વાડજ, અમદાવાદ.

ADMISSION OPEN
નર્સરીમાં બીજા સત્રમાં એડમીશન માટે ઓફિસનો સંપર્ક કરો

ઉત્તરાયણ નિમિત્તે ઉંધીંયુ અને જલેબી મળશે

વિસ્તારમાં એકમાત્ર અદ્યતન શો-રૂમ
૨૦ વર્ષથી જુના અને જાણીતા
અશોક નમકીન ભંડાર
ચીકી, લીલવાની કચોરી, તલના લાડુ અને મમરાના લાડુ
નમકીન ૪૦૦ થી વધારે વેરાઈટીઝમાં તાજુ તેમજ ૧૦૦% શુધ્ધ તથા વ્યાજબી ભાવે મળશે
સ્વાગત એપાર્ટમેન્ટ, ભાવસાર સોસાયટીની બાજુમાં, સ્વસ્તિક સ્કુલ રોડ, નવા વાડજ, અમદાવાદ.મો : ૯૮૨૪૧૪૧૯૧૭

PURE VEG. & A/c.
સ્વાદસભર પોષ્ટીક આહારની રમઝટ માણવા
ફોન : ૨૭૬૪૧૩૬૪, મો : ૯૯૨૪૫૯૯૫૯૫

અમરસિંહની
લક્ષ્મી વિજય હોટલ
પંજાબી, ચાઈનીઝ એન્ડ સાઉથ ઈન્ડિયન
રોનક પાર્ક સોસાયટીની સામે, નવા વાડજ રોડ, અખબારનગર સર્કલ પાસે, નવા વાડજ, અમદાવાદ-૧૩.

## હજારો હાઉસિંગ બોર્ડના મધ્યમવર્ગીય પરિવારોના 'રીડેવલપમેન્ટના સારથી' એવા

# શ્રી સંદીપ વસાવાની કમિશ્નર તરીકે પુનઃ નિયુક્તિ, આગેવાનોમાં ખુશીની લહેર

### હજારો મધ્યમવર્ગીય પરિવારોનું નવા ઘરનું સ્વપ્ન થશે સાકાર
### ગુજરાત હાઉસિંગ બોર્ડમાં કમિશ્નર તરીકે શ્રી સંદીપ વસાવાની પુનઃ નિયુક્તિ



ગાંધીનગર/અમદાવાદઃ ગુજરાત હાઉસિંગ બોર્ડના કમિશ્નર તરીકે કાર્યદક્ષ અને કર્મનિષ્ઠ છાપ ધરાવતા નિવૃત્ત **IAS** અધિકારી શ્રી સંદીપ વસાવાને રાજ્ય સરકાર દ્વારા મહત્વનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે. ૨૮ ફેબ્રુઆરીના રોજ નિવૃત્ત થયા બાદ, તેમના અનુભવ અને રીડેવલપમેન્ટ યોજનાઓની ગતિને જોતા સરકારે ગણતરીના દિવસોમાં જ તેમને ફરીથી આ જવાબદારી સોંપી છે. ચાર્જ સંભાળતાની સાથે જ તેમણે હાઉસિંગ બોર્ડની વસાહતોના કાયાકલ્પની મુહિમ ફરી તેજ બનાવી દીધી છે.

એક સમય એવો હતો જ્યારે સરકારી યોજનાઓ એટલે લાંબી વહીવટી પ્રક્રિયા અને પાઈપલાઈનમાં ફસાયેલા પ્રોજેક્ટ્સ માનવામાં આવતા હતા. પરંતુ શ્રી સંદીપ વસાવાએ આ માનસિકતા બદલી નાખી છે. ૨૦૨૩માં ચાર્જ સંભાળ્યા બાદ તેમણે જર્જરિત વસાહતોમાં રહેતા હજારો નાગરિકો માટે રીડેવલપમેન્ટની પ્રક્રિયાને માત્ર કાગળ પર મર્યાદિત રાખવાને બદલે જમીની સ્તર પર અમલી બનાવી છે.

ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૬માં રીડેવલપમેન્ટ પોલિસી જાહેર કરી હતી, પરંતુ ૨૦૨૨ સુધી તેમાં ખૂબ જ ઓછી કોલોનીઓ જોડાઈ શકી હતી. શ્રી વસાવાએ પદભાર સંભાળતા જ પોલિસીની જટિલતાઓને સમજી અને તેમાં જરૂરી 'પ્રજાલક્ષી સુધારા' કર્યા. તેમણે લોકો અને નિષ્ણાતોની રજૂઆતો સાંભળીને નિયમોમાં ફેરફાર કર્યા, જેના પરિણામે છેલ્લા બે થી ત્રણ વર્ષમાં ૬૦ થી વધુ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ મંજૂર થયા છે.આ ઉપરાંત વર્ષોથી અટકેલી ફાઈલોનો નિકાલ થયો છે. અને રહેવાસીઓને આધુનિક સુવિધાઓ ધરાવતા નવા ઘર મળવાનો માર્ગ મોકળો થયો છે.

મીડિયાની ઝગમગાટથી દૂર રહીને કામ કરવામાં માનતા શ્રી સંદીપ વસાવા મુખ્યમંત્રીના અત્યંત વિશ્વાસુ અધિકારીઓ પૈકીના એક ગણાય છે. અમદાવાદમાં જન્મેલા અને ઉછરેલા હોવાને કારણે તેઓ સ્થાનિક પ્રશ્નો અને જનતાની જરૂરિયાતોને ખૂબ નજીકથી સમજે છે. રાજકીય નેતૃત્વ સાથેના સુમેળભર્યા સંબંધો અને વહીવટી કુશળતાને કારણે જ તેમને આ મહત્વનું એક્સટેન્શન મળ્યું છે.

શ્રી વસાવાના પુનઃ આગમનથી હાઉસિંગ બોર્ડના સેંકડો જૂના બ્લોક્સમાં રહેતા પરિવારોમાં ખુશીની લહેર છે. આગામી સમયમાં આધુનિક સ્થાપત્ય અને મજબૂત બાંધકામ સાથે હજારો પરિવારોને તેમના જૂના મકાનના સ્થાને આલીશાન ફ્લેટ્સ મળશે, જે ગુજરાતના શહેરી વિકાસમાં એક નવું સીમાચિહ્ન રૂપ સાબિત થશે.

---

ગુજરાત હાઉસિંગ વસાહત મંડળના પ્રમુખ દિનેશ બારડ જણાવે છે કે ગુજરાત હાઉસિંગ બોર્ડના કમિશનર તરીકે શ્રી એસ.બી વસાવા સાહેબની ફરીએકવાર નિમણૂક કરી તેને આવકાર્ય છીએ, વસાવા સાહેબે પોતાના હાઉસિંગ બોર્ડના કમિશનર તરીકેના અગાઉના કાર્યકાળ દરમિયાન સકારાત્મક રીતે રીડેવલોપમેન્ટ વિચારતી સોસાયટીઓનું સરળતાથી સારી રીતે પારદર્શક રીતે અમલીકરણ થાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે અને તેમના સમય દરમિયાન ગુજરાત હાઉસિંગ બોર્ડની અનેક સોસાયટીઓમાં રીડેવલોપમેન્ટ આકાર પામી.તેમની ખાસ વિશેષતા એવી રહી છે કે હાઉસિંગ બોર્ડનો કોઈપણ રહીશ કે હાઉસિંગ બોર્ડના એસોસિયેશનના કોઈપણ આગેવાન કે હોદ્દેદાર તેઓની મુલાકાત લેવા આવે તો તેમને તેઓ અચૂક સમય કાઢીને મુલાકાત આપતા હતા અને તેમના પ્રશ્નોને સારી રીતે સમજીને નિયમ અનુસાર જે થઈ શકતું હોય તેનો વહેલી તકે ઉકેલ લાવવા તેવો સતત પ્રયત્નશીલ રહ્યા છે અને રહેશે.હાઉસિંગ વસાહત મંડળ તેમની નિમણૂંકને ખૂબ ખૂબ હાર્દિક શુભેચ્છાઓ પાઠવે છે અને તેમની પાસે અપેક્ષા રાખે છે કે જે સોસાયટીઓ રીડેવલપમેન્ટમાં ગઈ છે કે જે કાનૂની ગુચમાં ફસાયેલી છે તેનો પણ વહેલી તકે કાયદાકીય ઉકેલ વહેલી તકે આવે તેવા પ્રયત્ન ગુજરાત હાઉસિંગ બોર્ડ પાસે કરાવશે તેવી અમારી અપેક્ષાઓ છે અને જે સોસાયટીઓ કે જે નાના રૂમ રસોડા જે રહીશો રહે છે તેને ઓછામાં ઓછું ૫૦ ચોરસ મીટર કારપેટ એરિયા મળે તેવી સરકારમાં સાહેબશ્રી રજૂઆત કરે તો તે તેમની કારકિર્દીમાં યશ કલગી બનશે અને રહીશો તેમના સદાય રુણી રહેશે....વિશેષમાં ગુજરાત સરકારને પણ અમારી વિનંતી છે કે હાલમાં ગુજરાત હાઉસિંગ બોર્ડમાં ગુજરાત લેવલે પીપીપીના ધોરણે ઘણા પ્રોજેકટો આવી રહ્યા છે અને હાલમાં ચાલે છે તો આવા કામો સરળતાથી થાય અને સરકાર સાથે સીધું સંકલન જળવાઈ રહે તે માટે ગુજરાત હાઉસિંગ બોર્ડના ચેરમેન અને તેના ડાયરેક્ટરો પ્રજામાંથી નિમણૂંક થાય તો આ બધા કાર્યો સહેલાઈથી નિર્માણધિન થઈ શકે.... અને આ અંગે મંડળ સરકારશ્રીમાં પણ આ બાબતે રજૂઆત કરવાના છે... લિ. દિનેશ બારડ, પ્રમુખ ગુજરાત હાઉસિંગ વસાહત મંડળ

હાઉસિંગ બોર્ડના કમિશનર શ્રી સંદીપ વસાવાની નિવૃત્તિ પહેલા ગુજરાત સરકારે તેમને એક વર્ષનો વહીવટી સેવા લેવાનો લાભ અપાયો તે ગુજરાત સરકારની વહીવટી દીર્ઘ દ્રષ્ટા દર્શાવે છે કમિશનર શ્રી વસાવાએ છેલ્લા બે વર્ષમાં હાઉસિંગ બોર્ડની રીડેવલોપમેન્ટની યોજના ખૂબ જ કુશળતાપૂર્વક પાર પાડી રહ્યા છે.રીડેવલોપમેન્ટની યોજનાઓમાં આવતી મુશ્કેલીઓ તેઓએ સરકારમાં રજૂઆત કરી ઘણા નિર્ણયોમાં ફેરફાર કરાવ્યા તેથી રીડેવલોપમેન્ટ યોજનામાં ઘણી બધી સોસાયટીઓ જોડાઈ છે તેમની શાંત પ્રકૃતિ અને ત્વરીત નિર્ણય લેવાની ક્ષમતા સરકારે ધ્યાનમાં લઈ તેમને એક વર્ષ માટે તેમની સેવાનો લાભ લેવાનો નિર્ણય લીધો છે.મારા છેલ્લા બે વર્ષના તેમની સાથેના પરિચયમાં જ્યારે જ્યારે મેં પ્રશ્નોની રજૂઆત કરી ત્યારે તેઓએ ત્વરિત સંલગ્ન અધિકારીને રૂબરૂ ફોન કરી સૂચનાઓ આપી છે અનેક વખત સંલગ્ન અધિકારીને રૂબરૂ બોલાવી પ્રશ્નોનો નિકાલ લાવ્યા છે. કમિશનર શ્રી વસાવા સાહેબને હાઉસિંગ બોર્ડમાં વધુ એક વર્ષ સેવા આપવાનો અવસર મળ્યો તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન...
ઉત્તમ સુરતી પ્રમુખ : સૂર્યા એપાર્ટમેન્ટ વિભાગ-૨, પૂર્વ કોર્પોરેટર, લોકતંત્ર સેનાની (મીસાવાસી)

---

ગુજરાત હાઉસીંગ બોર્ડના કમિશ્નર શ્રી તરીકે એસ બી વસાવા (IAS) સાહેબ ની પુનઃ નિયુક્તિ કરવામાં આવી તે આવકારદાયક છે કારણકે રાજ્ય સરકારની રીડેવલપમેન્ટ યોજના ૨૦૧૬ ની પોલિસી મુજબની યોજનાઓ કે જે ગુ.હા. બોર્ડ ના જર્જરિત મકાનનોને તોડીને નવા ૪૦% વધારાના ફ્રી બાંધકામ સાથેની યોજનાઓ જે આજના સમયની માગ પણ છે. આ યોજનાઓ એક પડકારરૂપ છે તેવા સમયે બોર્ડને રાજ્ય સરકારના બહુજ સીનિયર અનુભવી IAS અધિકારી ફરી મળ્યાં છે.તેવુ ગુ.હા.બોર્ડના પુર્વ ડિરેકટરનું મારું મંતવ્ય છે. ભૂતકાળમાં બોર્ડમાં કમિશ્નર તરીકે શ્રી કેશવ વર્મા સાહેબના સમયમાં પ્લેગના રોગચાળાના સમયની સફળ કામગીરી પણ શ્રી નરહરિ અમીન તત્કાલિન શહેરી વિકાસ મંત્રી શ્રીના રાજ્ય શાસન સમયે થઇ હતી. રાજ્ય સરકારને કપરા સમયે બોર્ડ નિગમ મદદ રૂપ થતા રહ્યા છે. ઉપરાંત નારણપુરા, વાડજ વિસ્તારની હાઉસિંગ વસાહતો માટે મારા ગુ.હા. બોર્ડ ના ડિરેક્ટર દરમ્યાન પાણીની ટાંકી, પંમ્પીગ સ્ટેશન માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને આર્થિક મદદ કરી હતી. તે સિવાય પોલીસ સ્ટેશન, પોસ્ટ ઓફિસ માટે સરકારને જમીન આપી હતી...આર સી પટેલ, પૂર્વ ડિરેકટર ગુ.હા. બોર્ડ અનેપૂર્વ કોર્પોરેટર...

હાઉસિંગ કમિશ્નરશ્રી સંદીપ વસાવા સાહેબ ની ફરીથી કમિશ્નર તરીકેની નિમણુંકને અમોએ આવકારીએ છીએ, ભતકાળમાં પણ હાઉસીંગ બોર્ડ અને પ્રજા માટે સારા અધિકારી તરીકે મારુ મંતવ્ય છે. આગામી સમયમાં આજ રીતે કમિશ્નર તરીકે પોઝિટીવ રહેશે.જેનાથી નારણપુરા સહિત સમગ્ર શહેરમાં રીડેવલોપમેન્ટને વેગ મળશે.તેઓએ વધુમાં જણાવ્યા હતું કે જે ૧૦ ટકા લોકો માટે રીડેવલપમેન્ટની કામગીરી અટકે છે, આ માટે કોઈ ચોક્કસ મિકેનીઝમ ગોઠવવાની જરૂર છે....મનુભાઈ ચોધરી, કારોબારી સભ્ય, અમર-સુરમ્ય એપાર્ટમેન્ટ, નારણપુરા...

---

હાઉસિંગ કમિશ્નરશ્રી સંદીપ વસાવા સાહેબ રિડેવલોપમેન્ટ પોલિસીના અમલ સકારાત્મક વિચારધારા ધરાવે છે અને તેમના કાર્યકાળ દરમ્યાન ઘણી યોજનાના કામ સારી રીત આગળ વધ્યા છે અને તેમની નવનિયુક્તિથી રીડેવલપમેન્ટના અટકેલ પ્રોજેક્ટ સમયસર પૂરા થઈ જશે તેવી આશા છે.વસાવા સાહેબ ટેકનિકલ બાબતોના નિષ્ણાંત છે તેથી રીડેવલોપમેન્ટમાં આવતી દરેક સમસ્યાનું સમાધાન યોગ્ય રીતે કરી શકે છે...વિશાલભાઈ કંથારીયા, પ્રમુખ, શાંતિ એપાર્ટમેન્ટ

ગુજરાત હાઉસિંગ બોર્ડના કમિશનર શ્રી સંદીપ વસાવા સાહેબનો ફરીથી અભિભાવક તરીકે આગમનથી અમે સ્વાગત કરીએ છે, વસાવા સાહેબના આવવાથી હાઉસિંગ બોર્ડમાં રીડેવલપમેન્ટના કામમાં તીવ્રતા આવશે અને સરળતાથી બધી સોસાયટીઓનો ઝડપથી વિકાસ થશે, એ મારા વ્યક્તિગત અનુભવ છે...આભાર સુરેન્દ્રસિંહ રાજપુત, ચેરમેન, અભિષેક અપાર્ટમેન્ટ, સોલા રોડ

---

## સ્વભાવે સરળ અને નિખાલસ એવા ઓછુ બોલવું અને કામ વધુ કરવું, જેવી માન્યતા રાખનાર કમિશ્નર શ્રી સંદિપ વસાવાએ બે વર્ષના ટુંકા ગાળામાં ૬૦ થી વધુ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટ મંજુર કર્યા

નિયમનું પાલન નહીં થાય તો કચરો નહીં લેવાય

# અમદાવાદમાં પશ્ચિમના આ વિસ્તારોમાં સૂકો-ભીનો કચરો અલગ આપવાનો રહેશે

અમદાવાદ : સ્માર્ટ સિટી અમદાવાદને વધુ સ્વચ્છ બનાવવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશન હવે એક્શન મોડમાં આવ્યું છે. ખાસ કરીને શહેરના પોશ ગણાતા પશ્ચિમ અને દક્ષિણ-પશ્ચિમ ઝોનના રહીશો માટે AMC એ અલ્ટીમેટમ આપ્યું છે. હવેથી સૂકો અને ભીનો કચરો અલગ આપવો ફરજિયાત છે, જો ૧૦ દિવસમાં આ નિયમનું પાલન નહીં થાય તો તમારા ઘરેથી કચરો ઉપાડવાનું બંધ કરી દેવામાં આવશે.

અમદાવાદના પશ્ચિમ વિસ્તારમાં આવેલ AMC ના દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં આવતા સેટેલાઈટ, જોધપુર, શ્યામલ, વેજલપુર, સરખેજ, જુહાપુરા, બોપલ, એસજી હાઈવે, પ્રહલાદનગર, આનંદનગર વિસ્તારોમાં રહેતા નાગરિકોએ સુકો અને ભીનો કચરો અલગ રાખવાનો રહેશે. ડોર ટુ ડોરની ગાડી કચરો લેવા આવે ત્યારે શહેરજનોએ ફરજિયાત રીતે સુકો અને ભીનો કચરો અલગ આપવાનો રહેશે.

જો કોઈ નાગરિકો આ નિયમોનું પાલન નહીં કરે તો આજથી ૧૦ દિવસ બાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કચરો ઉપાડવામાં આવશે નહીં. મ્યુનિસિપલ કોર્પોરેશનના દક્ષિણ પશ્ચિમ ઝોન વિસ્તારમાં સુકો અને ભીનો કચરો અલગ આપે તેના માટે આ કડક નિયમ લાગુ કરવામાં આવ્યો છે. રહેણાંક વિસ્તારના નાગરિકો અને વેપારીઓ તમામ લોકોએ આ નિયમનું પાલન કરવું ફરજિયાત છે.

ભારત સરકારના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ ૨૦૧૬ અને ૨૦૨૬ મુજબ, દરેક નાગરિક અને સંસ્થાએ પોતાના કચરાનું વિભાજન કરવું ફરજિયાત છે. આ નિયમ હેઠળ ભીનો કચરો લીલા રંગના ડસ્ટબિનમાં અને સૂકો કચરો વાદળી રંગના ડસ્ટબિનમાં આપવાનો રહેશે. ડોર-ટુ-ડોર કચરો લેવા આવતી ગાડીમાં પણ આ બંને પ્રકારનો કચરો અલગ-અલગ સ્થિતિમાં જ આપવાનો રહેશે.

છસ્ઝ ના દક્ષિણ પશ્ચિમ ઝોનની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે કે જો કોઈ સોસાયટી કે વેપારી એકમ આ નિયમ તોડશે, તો ૧૦ દિવસ બાદ તેમના ત્યાં કચરો ઉપાડવાની સેવા બંધ કરી દેવામાં આવશે અને જરૂર જણાયે દંડ પણ ફટકારાશે.

વધારાના ૪૫૦ ટ્રાફિક બ્રિગેડ જવાનોને કામ સોંપાશે

# અમદાવાદમાં ટ્રાફિક સમસ્યા નિવારવા કેટલાંક રસ્તાઓના કટ બંધ કરાશે

પીરાણા ચાર, પેલેડિયમ, સરખેજ-જુહાપુરા જેવા પોઈન્ટ પર સર્વેઃ સિગ્નલના ટાઈમિંગ ફેરફાર અંગે પણ વિચારણા

અમદાવાદ : અમદાવાદમાં હાલ ટ્રાફીક સમસ્યા પોલીસ માટે સૌથી મોટો ચિંતાનો વિષય છે. ત્યારે હાલ પોલીસ કમીશનરે ટ્રાફીક વિભાગના અધિકારીઓ સાથે મીટીગ કરીને ટ્રાફીક સમસ્યા ધરાવતા વિવિધ પોઈનટની ચર્ચા કરીને મહત્વના સુધારા અમલમાં મુકયા છે. જેમાં નારોલ-પીરાણા સરખેજ જુહાપુરા પલેડીયમમોલ સહીતના મહત્વના ટ્રાફીક મેનેજમેન્ટે માટે સુચન કરાયા છે. અમદાવાદમાં વાહનોની સંખ્યા વધવાની સાથે સાંકડા રસ્તાઓને કારણે ટ્રાફીક સમસ્યા ખુબ જ ગંભીર બની રહી છે. જે અનુસંધાનમાં ટ્રાફીક વિભાગને અધિકારીઓને પોલીસ કમીશ્નર દ્વારા ખાસ તાકીદ કરવામાં આવી હતી. આ સુચનમાં અમદાવાદના કેટલાંક મહત્વના ટ્રાફીક પોઈન્ટ થતા ટ્રાફીકની સમસ્યા નિવારવા માટે વિવિધ આયોજન કરાયા છે. આ માટે ટ્રાફીક ડીસીપી નરેશ કંઝારીયાને ખાસ જવાબદારી સોપવામાં આવી છે. જે અનુસંધાનમાં કેટલાક એકશન પ્લાન અમલમાં મુકાયા છે. ખાસ કરીને પિરાણા ચાર રસ્તા પર હાલ બ્રીજની કામગીરી ચાલતી હોવાથી ડાયવર્ઝન આપીને નવા કટથી વાહન વ્યવહાર શરૂ કરવામાં આવતા ટ્રાફીક સમસ્યામાં રાહત થઈ છે. ત્યારે અમદાવાદમાં અનેક પોઈન્ટ પર રસ્તા પરના કટને બંધ કરવાની સામે નવા કટ શરૂ કરાશે.




સોલામાં નિવૃત્ત PIનો આપઘાત,


# કામનો નથી, કાઢી મૂકો,' પત્ની-સાળી અને પુત્રના ત્રાસનો આક્ષેપ

અમદાવાદ : અમદાવાદમાં નિવૃત્ત પોલીસ ઈન્સ્પેક્ટર (PI) દ્વારા આપઘાતની ઘટનાએ ચકચાર મચાવી છે. SRPમાં ફરજ બજાવનાર નિવૃત્ત PI જયંતિભાઈ પરમારે ૨૪ માર્ચે સવારે ચાંદલોડિયા વિસ્તારમાં પોતાની બોલેરો પીકઅપમાં ઝેર પી આત્મહત્યા કરી લીધી હોવાનું સામે આવ્યું છે. આ મામલે સોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે અને તપાસ શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત રિપોર્ટ મુજબ, SRPમાં ફરજ બજાવનાર નિવૃત્ત PI જયંતી પરમાર જ્યારે પોલીસની સર્વિસમાં હતા ત્યારે બધું સામાન્ય હતું, પરંતુ નિવૃત્તિ બાદ તેમના જ ઘરમાં તેમની સ્થિતિ બદલાઈ ગઈ હતી. નિવૃત્ત થયા પછી તે હવે કોઈ કામના નથી તેમ કહીને તેમની પત્ની અને સાળી દ્વારા અવારનવાર માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. તેને ઘરમાંથી કાઢી મૂકવા માટે સતત મેણા-ટોણા મારવામાં આવતા હતા, જેના કારણે નિવૃત્ત PI ભારે માનસિક દબાણમાં રહેતા હતા.

મૃતકના ભાઈનો આક્ષેપ છે કે જમવાનું પણ આપતા નહોતા. તેમનો નાનો પુત્ર પણ તેને માર મારતો હતો. એટલું જ નહીં પેન્શનની રકમ પણ આપી દેવા માટે દબાણ કરતા હતા. અવારનવાર અપમાનિત કરીને તેઓને ઘરમાંથી કાઢી મૂકતા મૃતક તેમના ભાઈના ત્યાં પણ રહેવા માટે જતા રહેતા હતા. ૧૮મી માર્ચના દિવસે રાત્રિના સાડા અગિયાર વાગ્યાની આસપાસ મૃતકનો નાનો દીકરો મનોજ દારૂ પીને આવ્યો હતો. 'માસીના વીસ લાખ રૂપિયા ખાઈ ગયો છે' તેવા આક્ષેપો કરીને માર મારવા લાગ્યો હતો. જ્યારે તેમના સાળીએ કેરેક્ટર સંબંધિત ખોટા આક્ષેપો કર્યા હતા.

જ્યારે સાળી મૃતકના ઘરમાં ચઢામણી કરીને તેમના કેરેક્ટર બાબતે ખોટા આક્ષેપો કરીને અવારનવાર ઝઘડા-તકરાર કરાવીને ઘરમાંથી કાઢી મૂકતા હતા. તેમનો નાનો દીકરો પણ અવારનવાર દારૂ પીને તેમની સાથે મારઝૂડ કરતો હતો. મૃતકે જેની જાણ પોલીસને અને તેમના પરિવારજનોને પણ કરી હતી.આમ કંટાળીને મૃતક જયંતીભાઈ ૨૫મી માર્ચના દિવસે ઘરેથી નીકળીને સસાઈડ નોટ લખી ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી હતી.હાલમાં પોલીસે સુસાઈડ નોટના આધારે મૃતકની પત્ની, સાળી અને નાના પુત્ર વિરુદ્ધમાં ફરિયાદ નોંધીને વધુ તપાસ શરૂ કરી છે.




Printed, Published and Owned by BHARGAV G. SUNDARAM and Printed at Shree Ganesh Offset, A/6, Shubh Labh Industrial Estate, Opp. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380 004 and Published from D-25/289, Nandanvan Appartment, Bhavsar Hostel, Nava Vadaj, AHMEDABAD - 380013. Editor - BHARGAV G. SUNDARAM.